**નવી બાબત : ૨૦૨૩-૨૪**

સંકલિત બાળ વિકાસ સેવા યોજના હેઠળ આંગણવાડીમાં આવતા બાળકોને પૂર્વ પ્રાથમિક શિક્ષણ મળી રહે તે માટે શૈક્ષણિક સામગ્રી "જ્ઞાન પુંજ" માટે વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: WCDD/IMR/e-file/23/2023/0182/B(ICDS)

સચિવાલય, ગાંધીનગર

**//વંચાણે લીધા//:-**

કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ કચેરીની દરખાસ્ત નં.ICDS/PSE/e-file/257/2023/ 0121/ECCE (PSE), Dt.27/01/2023.

**//આમુખ//**

સંકલિત બાળ વિકાસ સેવા યોજના હેઠળ બાળકના પોષણ અને સ્વાસ્થ્યની સંભાળ રાખવાની સાથે સાથે આંગણવાડી કેન્દ્રો ખાતે કરાવાતી પૂર્વ પ્રાથમિક શિક્ષણની પ્રવૃતિઓથી બાળકનો બૌદ્ધિક, શારીરિક, સામાજીક, ભાવનાત્મક, ભાષાકિય અને સર્જનાત્મક વિકાસ કરવામાં મદદરૂપ થાય છે. જે બાળકોને શાળાકીય શિક્ષણની પૂર્વ તૈયારીમાં અસરકારક નિવડે છે.

નવી શિક્ષણ નીતિ ૨૦૨૦ અંતર્ગત આંગણવાડીમાં આવતા બાળકોનાં સર્વાંગી વિકાસ અને બાલવાટિકા માટેની સજ્જતા કેળવી શાળા પ્રવેશ મેળવે તે માટે – બાળકો નિયમિત આંગણવાડીમાં આવે, તેમના સર્વાંગી વિકાસની નિયમિત દેખરેખ (ડેવલોપમેન્ટ એસેસમેન્ટ) થાય તેમજ આંગણવાડીમાં પૂર્વ પ્રાથમિક શિક્ષણની પ્રવૃતિઓ આયોજિત કરવા માટે બાળકો અને આંગણવાડી કાર્યકર માટે શીખવા-શીખવવાની સામગ્રી આંગણવાડી કેન્દ્રોમાં ઉપલબ્ધ કરાવવી ખૂબ જરૂરી છે. જે માટે રાજ્ય સરકારના ૧૦૦% બોજા હેઠળ "જ્ઞાન પુંજ" માટે વર્ષ:૨૦૨૩-૨૪ બજેટ જોગવાઇમાં નવી બાબત તરીકે સમાવેશ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**//ઠરાવ//**

સંકલિત બાળ વિકાસ સેવા યોજના હેઠળ આંગણવાડીમાં આવતા બાળકો પૂર્વ પ્રાથમિક શિક્ષણ મેળવી સર્વાંગી વિકાસ અને બાલવાટિકા માટેની સજ્જતા કેળવી શાળા પ્રવેશ મેળવે તે માટે આંગણવાડીમાં બાળકો અને આંગણવાડી કાર્યકર માટે દર વર્ષે શીખવા–શીખવવાની સાધન-સામગ્રી ઉપલબ્ધ કરાવવી ખુબ જ જરૂરી છે.

આંગણવાડીના અભ્યાસક્રમને અનુરુપ શૈક્ષણીક સામગ્રી, પ્રતિ આંગણવાડી ભાષાકીય વિકાસ માટે અર્લી રિડર્સ (૨૦ ચોપડીનો સેટ) તેમજ આંગણવાડીના બાળકો માટે રમત ગમત ભાગ-૧, રમત ગમત ભાગ-૨, મારી વિકાસયાત્રા, મીણીયા રંગ, વિગેરે (સદર આઇટમો સૂચિત છે, જેમાં અભ્યાસક્રમની જરૂરીયાત મુજબ ફેરફાર કરી શકાશે) ખરીદી શકાશે. જેમાં પ્રતિ બાળક રૂ.૭૫.૦૦ અને ત્યારબાદ બચત રહેતી રકમમાંથી આંગણવાડી કેન્દ્રો માટે પ્રતિ કીટ પ્રતિ વર્ષ રૂ.૩૦૦૦.૦૦ ની મર્યાદામાં ખરીદવાની રહેશે. પ્રતિ બાળક અને આંગણવાડી માટે આ સુચીત ખર્ચ છે, જેમાં જરૂરીયાત મુજબ સદર નવી બાબતની રૂ.૩૦૦૦.૦૦ લાખની મર્યાદામાં ફેરફાર કરી શકાશે.

ઉપરોક્ત વિગતે વર્ષ ૨૦૨૩-૨૪માં "જ્ઞાન પુંજ" માટે શીખવા-શીખવવાનાં સાધનો માટે રૂ.૩૦૦૦.૦૦ લાખની બજેટ જોગવાઇમાંથી નીચે દર્શાવેલ શરતોને આધીન ખર્ચ કરવાની આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

શરતો:

(૧) આ યોજના હેઠળ અંદાજપત્રીય જોગવાઈની મર્યાદામાં જ સહાય ચૂકવવાની રહેશે. કોઈપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકીય મર્યાદામાં તમામ લાભાર્થીઓને આવરી લેવાય તે મુજબનુ આયોજન કરાવાની તકેદારી નિયામકશ્રી (આઇ.સી.ડી.એસ.) એ રાખવાની રહેશે.

(૨) આ યોજનાનો અમલ ICDS નોડલ એજન્સી મારફતે કરવાનો રહેશે.

(૩) પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.

(૪) સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી "ના વાંધા પ્રમાણપત્ર" મેળવ્યા પછી જ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સાધન/કીટની ગુણવતા સુનિશ્ચિત કરવાની રહેશે.

(૫) સી.એમ.ડેશબોર્ડ સાથે યોજના લિંક કરવાની રહેશે.

(૬) યોજનાના મોનિટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(૭) સોશિયલ ઓડિટ અને થર્ડ પાર્ટી વેરીફીકેશન પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનુ રહેશે.

(૮) યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૯) કેન્દ્ર સહાયિત યોજનામાં ફંડ કેન્દ્ર સરકાર ફાળવે તે મુજબ જ યોજનાકીય લાભ લાભાર્થીને આપવાનો રહેશે.

(૧૦) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૧૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૧૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૧૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો- વખત લાગુ પડતા ઠરાવો/ પરીપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૧૪) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૬) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે

(૧૭) સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે..

(૧૮) આ યોજનાનો અમલ તા.૦૧-૦૪-૨૦૨૩ થી કરવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરેથી કરવાનો રહેશે.

માંગણી નં :- ૧૦૬

મુ.સદર :- ૨૨૩૬ પોષણ

પેટા મુ.સદર :- ૦૨ પોષણ ખાધ્ય અને પીણાની વહેચણી

ગૌણ સદર :- ૧૦૧ અન્ય ખર્ચ

પેટા સદર :- ૨૨ મિશન બલમ સુખમ આઇ.સી.ડી.એસ (૧૦૦% સ્ટેટ બર્ડન)

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા. ૧૮/૦૫/૨૦૨૩ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(જે.આઇ.લેઉવા)
ઉપ સચિવ,
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

૧. માન. મુખ્યમંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી, સચિવાલય, ગાંધીનગર

૨. માન. મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

૩. મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

૪. અગ્રસચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૫. સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૬. સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૭. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ડો. જીવરાજ મેહતા ભવન, ગાંધીનગર

૮. નિયામકશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ. જીવરાજ ભવન, ગાંધીનગર

૯. એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ

Signature Not Verified
Signed by: J I Leuva
Under Secretary
Date: 2023.06.30
17:37:29 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

૧૦. નિવાસી ઓડિટ અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર

૧૧. સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન....................

૧૨. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ. ......................

૧૩. સર્વે નાયબ નિયામક, વિભાગીય કચેરી, અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ

૧૪. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ

૧૫. નાણા સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૧૬. સર્વે પ્રોગ્રામ ઓફીસરશ્રી, જિ.........................

૧૭. શાખા સિલેક્ટ ફાઈલ.

Signature Not Verified
Signed by:J I Leuva
Under Secretary
Date: 2023.06.30
17:37:29 +05:30



*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*